પગાર ની આવક
[૧] આવકના શીર્ષકો કે સાધનો

(Sources or Heads of Income) | ૬૬૭ ૧૪|

આવકવેરા ધારા, ૧૯૬૧ની સુધારેલી કલમ ૧૪ હેઠળ આવકનાં ૫ શીર્ષકો ગણાવવામાં આવ્યાં છે. કર ભરનાર શખસે પોતાની કુલ આવક જુદાં જુદાં ૫ શીર્ષકો હેઠળ બતાવવાની હોય છે ?

(૧) પગાર (Salaries) (કલમ ૧૫થી ૧૭)

(૨) મકાન મિલકતમાંથી થતી આવક (Income from House Property) [કલમ ૨૨થી ૨૭)

(૩) ધંધા કે વ્યવસાયની આવક (Income from Business or Profession) [કલમ ૨૮થી ૪૪)

(૪) મૂડીનફો (Capital Gains) (કલમ ૪૫થી ૫૫]

(૫) અન્ય સાધનોમાંથી આવક (Income from Other Sources)

(કલમ ૫૬થી ૫૯.)

ઉપર જણાવેલ પાંચ શીર્ષકો હેઠળની કુલ આવક 'કુલ ગ્રોસઆવક' ગણાય (જે કલમ ૮૦. Cથી કલમ ૮૦ U સુધીની કપાતો બાદ કર્યા પહેલાની આવક છે.

પગારની વ્યાખ્યા

કલમ ૧૭(૧) મુજબ *પગાર'માં નીચેનાનો સમાવેશ થાય છે :

(१) મજૂરી (Wages)

(२) વર્ષાસન (Annuity) કે પેન્શન (Pension)

(३) ગ્રેચ્યુટી (Gratuity)

(૪) પગાર કે મજૂરીને બદલે અથવા તે ઉપરાંત આપવામાં આવતી કોઈ પણ ફી, કમિશન, ભથ્થું, સવલતો (Perquisites) કે નફો.

(૫) અગાઉથી મળેલ પગાર (Advance Salary).

(૬) કર્મચારીની ચઢેલી રજાઓની અવેજમાં મળેલ રકમ.

(૭) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં નક્કી કરેલ મર્યાદાથી વધુ જમા થયેલ રકમ; માલિકનો ફાળો કર્મચારીના પગારના ૧૨%થી જેટલો વધુ હોય તે અને વાર્ષિક ૯.પત્રથી વધુ દરે પ્રો. ફંડમાં જમા થયેલ વ્યાજ.

(૮) અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાંથી માન્ય પ્રૉવિડન્ટ ફંડમાં ફેરબદલી (Transfer)* કરાયેલ રકમનો અમુક ભાગ (જેટલે અંશે કરપાત્ર ગણાતો હોય).

(૯) કેન્દ્ર સરકાર દ્વારા તેના કર્મચારીઓના નામે પેન્શન યોજના હેઠળ જમા થયેલ ફાળો.

[૭૭૭ ૮૦CCD-NIS]

Agniveer Corpus Fund'માં સરકાર તરફથી જમા થયેલ ફાળો સૌપ્રથમ એએસીની પગારની આવકમાં ઉમેરાશે અને ત્યારબાદ કુલ ગ્રોસ આવકમાંથી આવો પૂરેપૂરો ફાળો કપાત તરીકે બાદ થશે.(કલમ ૮૦CCH (૨)]

નોંધ : (૧) અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાંથી માન્ય પ્રોવિડન્ટ ફંડમાં રકમની ફેરબદલી થાય ત્યારે એવી ધારણા કરવી કે જો આ ફંડ શરૂઆતથી જ માન્ય પ્રોવિડન્ટ ફંડ હોત તો કેટલી રકમો દર વર્ષે કરમુક્ત ગણાત અને તે મુજબ જે વધારાની રકમો કરપાત્ર થઈ હોત ફક્ત તેટલી જ રકમ હવે પાછલા વર્ષની પગારની કરપાત્ર આવકમાં ઉમેરાશે.

(૨) કર્મચારીના અવસાનને પરિણામે 'રજાઓના પગાર'ની રોકડમાં ચુકવણી આવકવેરાને પાત્ર નથી.

પગારની કરપાત્રતા

કરપાત્રતાનો આધાર:

(૧) હાલના માલિક કે ભુતપર્વ માલિક પાસેથી પાછલા વર્ષમાં લેવી થયેલી (due) યુગારની રકમ પછી તે ખરેખર ચૂકવાઈ હોય કે ન ચૂકવાઈ હોય. (whether actually paid or not.

(૨) હાલના માલિક કે ભૂતપૂર્વ માલિકે અથવા તેમના વતી કોઈકે પાછલા વર્ષમાં ચૂકવેલી કે મંજૂર રાખેલી રકમ – જે લેણી થઈ નથી કે લેણી થયા પહેલાં ચકવાયેલી છે (એટલે કે પગાર પેટે અડવાન્સ રકમ)

પગારના શીર્ષક હેઠળ ગણાતી આવકો

1) મૂળ પગાર

(૨) ભથ્થા

(3) વર્ષાશન

(4) સવલતો

(5) પગાર ની અવેજ માં મળતા લાભ

(6) માન્ય PF માં માલિક નો 12% થી વધુ ફાળો
કર્મચારી ને મળતું 9.5% થી વધારાનું વ્યાજ
તો તે રકમ આવક ન ગણાય.

બોનસ : બાનસ ખરેખર મળે ત્યારે જ કરપાત્ર બને છે. માલિક અને કર્મચારી વચ્ચે થયેલ કાર મુજબ મળતું બોનસ, ૧૯૬૫ના બોનસ ચુકવણી ધારા હેઠળ મળતું બોનસ, સભ્યોને બંધનકર્તા હર તેવા વેપારી મંડળોના નિર્ણય મુજબ ચૂકવવામાં આવતું બોનસ, પ્રોત્સાહન બોનસ અને મજૂર-અદાદા (Labour Tribunal)ના ચુકાદા મુજબ ચૂકવાતું બોનસ પગારની એક ભાગ ગણાય

કાયદેસરની કે કરારજન્ય જવાબદારી ન હોવા છતાં મળતું બોનસ પગારને બદલે સવલત કે લામ ગણાય છે. અલબત્ત, આ રીતે મળેલ બોનસ પણ કરપાત્ર ગણીને પગારમાં ઉમેરાય છે.

કમિશન: માલિક-કર્મચારી વચ્ચે થયેલ કરારની શરત મુજબ પગારના ભાગરૂપે મળતું કમિશન 'લાભ કે સવલત' ને બદલે પગાર' તરીકે જ કરપાત્ર ગણાય. પરંતુ જો કોઈ કર્મચારીને દિઈશન આપતું કે નહિ તે બાબત માલિકની ઇચ્છા પર આધારિત હોય તો વતો કર્મચારી : મળતું કમિશન પગારની અવેજમાં મળતા લાભ'ને બદલે પગારમાં મળતો વધારો' ગણાશે. બંને સ્થિતિમાં તે કરપાત્ર ગણાશે.

ઓવરટાઈમ અંગે ચુકવણી : કર્મચારીને ઓફિસના સમય ઉપરાંત તેણે આપેલી સેવાઓ બદા અથવા કોઈ વધારાની સેવાઓ આપવા બદલ મળતું મહે (તાણું પણ ગ્રોસ પગારમાં કરણવા ગણીને ઉમેરાશે.

૧૯। ગ્રેચ્યુટી (Gratuity) પેનશન(Pension):

ગ્રેચ્યુઇટી : ત્રેચ્યુઇટી એટલે અમુક વર્ષની નોકરી પછી કર્મચારી નોકરી છોડી જાય કે સાત થાય ત્યારે તેને આપવામાં આવતી એકસામટી રકમ કર્મચારીને નિવૃત્તિ વખતે મળતી સાઈટી પગારની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય છે, પરંતુ તેના અવસાનને પરિણામે દેની કાયદેસર વારસદારને મળતી ગ્રેચ્યુઇટી 'અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળ કરપાત્ર

(I) નોકરી કરતા કર્મચારીના અવસાનને પરિણામે તેની વિધવાને કે કાયદેસરના વારસદારને માલિક જમરાવાનું અનુદાન (ex-gratia payment) કરમુક્ત છે.
એ જ રીતે કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર કે અન્ય કોઈ પણ અર્પ-સરકારી કે પબ્લિક અંડરટેકિંગના સંચારીને કે તેના કુટુંબના કોઈ સભ્યને ઈજા થાય કે મૃત્યુ પામે ત્યારે પણ આવું અનુદાન કરમુક્ત ગણાય.

કાયદાની કલમ ૧૦(૧૦) મુજબ ગ્રેચ્યુઇટીની કરપાત્રતા નીચે મુજબ નક્કી કરવામાં આવે છે :

(૧) સરકારી કર્મચારીને મળતી ગ્રેચ્યુઇટી : મૃત્યુ કે નિવૃત્તિ અપેક્ષિત ગ્રેચ્યુઇટી (Death cum-retirement gratuity): કાયદા મુજબ રચયેલ કોર્પોરેશન (Statutory Corporations)-કર્મચારીઓ સિવાયના સરકારી કર્મચારીઓ (સંરક્ષણ સેવાઓના કર્મચારીઓ સહિત) અને સ્થાનિક સરાજ્ય સંસ્થાઓના કર્મચારીઓને કે તેમના કાયદેસરના વારસદારોને મળતી ગ્રેચ્યુઇટીની પૂરેપૂરી રૂકમ કરમુક્ત ગણાય. (કલમ ૧૦(૧૦) (i)]

આ હેતુ માટે માન્ય યુનિવર્સિટી તેમજ આવી યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના શિક્ષકો-પ્રૉફેસરોને પણ સરકારી કર્મચારી ગણવામાં આવે છે.

સંરક્ષણ સેવાઓના કર્મચારીઓને પેન્શન કોડ રેગ્યુલેશન'ના નિયમોને આધીન નિવૃત્તિ વખતે મળતી ગ્રેચ્યુઇટી સંપૂર્ણપણે કરમુક્ત છે.

(૨) ૧૯૭૨ના ગ્રેચ્યુઇટી ચુકવણી કાયદા' હેઠળ ચૂકવવામાં આવેલ ગ્રેચ્યુઇટીની રકમ નીચેની

શરતોને આધીન કરમુક્ત ગણાય છે (કમલ ૧૦ (૧૦) (ii)) :

(i) નોકરીના દરેક સંપૂર્ણ વર્ષદીઠ (૬ માસથી વધુ સમયને ૧ વર્ષ ગણીને), છેલ્લા પગારના આ ધારે, ૧૫ દિવસનો પગાર (મોસમી પ્રકૃતિના ઉદ્યોગ ધંધા માટે ૭ દિવસનો પગાર)

(ii) વધુમાં વધુ રૂ. ૨૦,૦૦,૦૦૦

(iII) ખરેખર મળેલ ગ્રેચ્યુઇટી

ઉપર્યુક્ત ત્રણ રકમો પૈકી જે રકમ સૌથી ઓછી હોય તે કરમુક્ત ગણાય.

કરપાત્ર રકમ = મળેલ રકમ – કરમુક્ત રકમ.

ત્રણ પૈકી જે રકમ ઓછી હોય તે કરમુક્ત ગણાય અને તે મર્યાદાથી વધુ મળેલ ગ્રેચ્યુઇટી નિવૃત્ત થવેલ કર્મચારીની પગારની આવકમાં ઉમેરાય છે. પરંતુ મૃત્યુ પામેલ કર્મચારીના વારસદાર માટે વધારાની ગ્રેચ્યુઇટી 'અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળ ઉમેરાય છે

3) કાયદા મુજબ રચાયેલ કોર્પોરેશનોના કર્મચારીઓ અને ખાનગી નોકરીમાં હોય એવા કર્મચારીઓને મળતી ગ્રેચ્યુઇટીની રકમ નિવૃત્તિ વખતે, મૃત્યુને પરિણામે, નોકરીનો અંત આવવાને પરિણામે (પોતે રાજીનામું આપ્યું હોય તો પણ) કે કાયમી અસમર્થતાને પરિણામે મળી હોય તો જ નીચે મુજબ ગણેલી સૌથી ઓછી રકમ કરમુક્ત ગણાય છે : (કલમ ૧૦(૧૦) (iii)]

ખાનગી કર્મચારીઓને મળતી ગ્રેચ્યુઇટીની રકમ

કરમુક્તિની મર્યાદા:

(૧) દરેક પૂરા વર્ષની નોકરીદીઠ ૧/૨ માસનો પગાર (અધૂરા વર્ષને ધ્યાનમાં લેવાશે નહિ.)

(૨) રૂ.૨૦,૦૦,૦૦૦

(3) ખરેખર મળેલ ગ્રેચ્યુઇટીની રકમ ઉપર જણાવેલી ત્રણ પૈકી જે ઓછી હોય તે રકમ કરમુક્ત. વધારાની કરપાત્ર ગ્રેચ્યુઇટી નિવૃત્ત કર્મચારીની પગારની આવકમાં સમાવવામાં આવે છે અને મૃત્યુ પામેલ કર્મચારીના વારસદાર માટે કરપાત્ર રકમ “અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળ સમાવવામાં આવે છે.

બ) પેન્શન :

(૧) નિવૃત્તિ પછી નિયમિત સમયાંતરે મળતું પેન્શન(કે જે Uncommuted Pension હોય) સરકારી તેમ જ બિનસરકારી કર્મચારીઓ માટે પગારના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય છે.

અપવાદ :

(૧) કર્મચારી કે તેના કુટુંબના સભ્યોને સંયુક્ત રાષ્ટ્રસંથ તરફથી મળતું પેન્શન કરમુક્ત છે; ( ૨

) કેન્દ્ર સરકારના સંરક્ષણ કર્મચારીઓને કે જેમને વીરતા પુરસ્કાર મળેલ હોય તેમને મળતું પેન્શન કલમ ૧૦(૧૮) હેઠળ કરમુક્ત છે.

(3) ભારતીય સૈન્યના કર્મચારીઓના કુટુંબના સભ્યોને મળતું પેન્શન (Family Pension) કરમુક્ત છે.

(a) સરકારી કર્મચારીઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના કર્મચારીઓ, સ્ટેચ્યુટરી કૉર્પોરેશનોના કર્મચારીઓ અને સુપ્રીમ કોર્ટ તથા હાઈકોટના ન્યાયાધીશોને મળતું એકસામટું પેન્શન (Commuted Pension) કલમ ૧૦(૧૦૨)ની જોગવાઈ મુજબ સંપૂર્ણપણે કરમુક્ત છે.

(3) બિનસરકારી કર્મચારીને મળતું એકસામટુ પેન્શન નીચેની શસ્તોને આધીન કરમુક્ત ગણાય :

(1) જો તે કર્મચારીને માલિક તરફથી ગ્રેચ્યુઇટી પણ મળી હોય તો કોમ્યુટ થવાને પાત્ર કુલ પેન્શન ૧/3 રકમ કરમુક્ત ગણાય.

(2) જો તે કર્મચારીને માલિક તરફથી ગ્રેચ્યુઇટી ન મળી હોય તો કૉમ્યુટ થવાને પાત્ર કુલ પેન્શન ૧/૨ રકમ કરમુક્ત ગણાય

(ક) નેશનલ પેન્શન સ્કીમ : આ સ્કીમમાં જે કર્મચારીઓ, સરકારી કે ખાનગી નોકરીમાં તા. ૧-૧-૨૦૦૪ કે ત્યાર પછીથી જોડાયા હોય તે કર્મચારીઓને તેમજ અન્ય કોઈ પણ વ્યક્તિ મેસેસીને ન્યૂ પેન્શન સ્કીમ લાગુ થશે. આ સ્કીમમાં તા. ૧૯-૨-૨૦૧૬થી અમલમાં આવેલ અટલ. પેન્શન યોજનાનો પણ સમાવેશ થાય છે. કર્મચારીએ તેના પગારના ૧૦% જેટલી રકમ આ ફંડમાં ફાળવવાની હોય છે અને તેની સામે માલિકે પણ તેટલી જ રકમ ફાળવવી પડે છે.

આ યોજનાના અગત્યના મુદ્દા નીચે મુજબ છે :

(1) આવી માન્ય પેન્શન યોજનામાં માલિકે આપેલ પૂરેપૂરો ફાળો કર્મચારીના પગારમાં ઉમેરાય છે.

(11) માલિકનો ફાળો કલમ ૮૦ CCD (૨) હેઠળ (કર્મચારીના પગાર ૧૦૬ સુધી જ; પરંતુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ૧૪% સુધી) + કર્મચારીનો પોતાનો ફાળો (તેના પગાર'૧૦૬ સુધી જ) એસેસીની કુલ ગોસ આવકમાંથી કલમ ૮૦ CCD(૧) હેઠળ બાદ મળે છે. વાદ રહે કે આ રકમો ત્રોસ પગારમાંથી બાદ કરવાની નથી. બિન-કર્મચારી વ્યક્તિ એસીના કિસ્સામાં

તેમનો ફાળો તેમની કુલ ચૌસ આવકના ૨૦% સુધી કપાત તરીકે બાદ મળે છ. (iii) કર્મચારી નિવૃત્ત થાય કે છૂટો થાય ત્યારે તેને મળતી પેન્શન રકમ કરપાત્ર ગણાશે..

(iv) કલમ ૮૦ C, ૮૦ CCC અને ૮૦ CCD (૧) (એટલે કે નૅશનલ પેન્શન ફંડમાં કર્મચારીનો કે અન્ય વ્યક્તિએ આપેલ ફાળો) રૂ. ૧,૫૦,૦૦૦થી વધુ કપાત તરીકે બાદ મળે નહિ.

(v) બિન-કર્મચારી વ્યક્તિ એસેસીની બાબતમાં કલમ ૮૦ CCD(1B) હેઠળ રૂ. ૫૦,૦૦૦ સુધીનો વધારાનો ફાળો પણ કપાત તરીકે બાદ મળે છે.

નોંધ : આ હેતુ માટે પગાર - મૂળ પાર ગણાય પરંતુ નોકરીની શરતો મુજબ મોંઘવારી બળ્યું પગારનો ભાગ ગણાતું હોય તો અહીં પણ પગારમાં તેની સમાવેશ થશે. આ ઉપરાંત વેચાણ પર આધારિત કમિશનનો પણ તેમાં સભ્યવેશ થાય છે.

(ડ) કુટુંબ પેન્શન (Family Pension) : મૃત કર્મચારીના કુટુંબીજનોને મળતું પેન્શન પગારની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય નહિ. આ પેન્શન મેળવનારની અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાશે અને તેમાંથી સ્ટાન્ડર્ડ કપાત પણ બાદ મળશે.